
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



પુસ્તક ૮૧ મું
અંક ૧
૧૫ નવેમ્બર

કારતક

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઈ. સ. ૧૯૬૪

**सुइं च लद्धुं सद्धं च, वीरियं पुण दुल्लहं ।**
**बहवे रोयमाणा वि, नो य णं पडिवज्जए ॥ ८ ॥**

કદાચ ધર્મમાર્ગના શ્રવણનો પ્રસંગ સાંપડ્યો અને તેમાં શ્રદ્ધા પણ બેઠી. તેમ છતાં ય તે પ્રમાણે વર્તવા સારુ યોગ્ય પુરુષાર્થ કરવાનું વળી ભારે દુર્ઘટ બને છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ 'ધર્મમાર્ગમાં પોતે શ્રદ્ધા તો રાખે છે' એમ કહેતા હોય છે; પણ તે પ્રમાણે વર્તી શકતા નથી અર્થાત શ્રદ્ધા થયા પછી તે પ્રમાણે પુરુષાર્થ કરવો ઘણો દુર્લભ બને છે.

**माणुसत्तम्मि आयाओ, जो धम्मं सोच्च सद्दहे ।**
**तवस्सी वीरियं लध्धुं, संवुडे निध्धुणे रयं ॥ ९ ॥**

મનુષ્ય જન્મમાં આવેલો એટલે ખરેખર મનુષ્ય થયેલો તેને જ સમજવો કે જે, ધર્મવચનોને સાંભળે, પછી તેમાં વિશ્વાસ રાખે, પછી તે પ્રમાણે તપસ્વી બની સંવરવાળો થઈ પોતા ઉપર લાગેલા પાપમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૧ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષ સુભાશિષ .... .... | (શ્રી ભાસ્કરવિજયજી) | ૧ |
| ૨ | નૂતન વર્ષાભિનંદન .... .... | (દીપચંદ જીવણલાલ) | ૨ |
| ૩ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૨ | (સ્વ. મૌક્તિક) | ૪ |
| ૪ | વિવિધતામાં સુંદરતા .... | ('સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ) | ૬ |
| ૫ | સુજસવેલિ અને ઐતિહાસિક વસ્ત્રપટ (લેખાંક : ૧) | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૯ |
| ૬ | ગ્વાલિયર .... .... .... | (મુનિ વિશાળવિજયજી) | ૧૨ |


## શ્રી મણીલાલ ચત્રભુજ ગાંધીનું દુઃખદ અવસાન

તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓ મુલુન્દ(મુંબઇ)ના જાણીતા સેવાભાવી કાર્યકર અને કાપડના વ્યાપારી હતા. તેઓના ૫૭ વર્ષની ઉમ્મરે રવિવાર તા. ૧૧-૧૦-૬૪ના રોજ તેમના નિવાસસ્થાને થયેલ શોકજનક અવસાનની નોંધ લેતા ઘણું દુઃખ થાય છે.

સ્વર્ગસ્થ સ્થાનિક કેળવણી વિષયક સામાજિક તેમ જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતા હતા. સાર્વજનિક દવાખાનું, પ્રગતિ મિત્ર મંડળ, નાગરિક સભા વગેરે સંસ્થાઓની સ્થાપના સંચાલન અને વિકાસ પાછળ તેઓએ ભવ્ય પુરુષાર્થ કર્યો હતો. કોંગ્રેસની દરેક પ્રવૃત્તિઓમાં સ્વર્ગસ્થે પ્રશંસનીય સહકાર આપ્યો હતો. તેઓ આનંદી અને મિલનસાર સ્વભાવવાળા હતા. સદ્ગત પોતાની પાછળ બહોળું કુટુંબ અને મિત્રમંડળ મુકતા ગયા છે. પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને પરમ શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

## ખેદકારક સ્વર્ગવાસ

ટાણાવાળા શાહ દુર્લભદાસ ત્રીભોવનદાસ હાલ ઘણા વર્ષોથી ભાવનગર રહે છે. ૭૨ વર્ષની વયે ગત આસો શુ. ૧૨ રવિવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેઓના પુત્ર ધીરજલાલ વગેરેને દિલાસો આપીએ છીએ.

## શેઠશ્રી મોહનલાલ તારાચંદનું દુઃખદ અવસાન

સદ્ગત શેઠશ્રી મોહનલાલ તારાચંદનો જન્મ ઈ. સ. ૧૮૯૮ માં વરતેજ ગામમાં થયો હતો. તેઓ સાત-આઠ વર્ષની વયે બેંગલોર ગયા હતા અને ત્યાં કાપડ અને સાયકલના વેપારમાં જોડાયા હતા. ઈ. સ. ૧૯૨૮ માં મુંબઇમાં પ્રીલમ ઉદ્યોગમાં જોડાયા. તેમાં તેમના ભત્રીજા શેઠશ્રી રમણીકલાલભાઈનો સહકાર મળેલ અને તેઓએ સારી એવી લક્ષ્મી પ્રાપ્ત કરી.

તેઓ સામાન્ય શિક્ષણ લીધેલ હોવા છતાં ઉચ્ચ શિક્ષણના હિમાયતી હતા તેથી તેઓએ કેળવણીક્ષેત્રમાં લાખોનું દાન આપી લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. શૈક્ષણિક સેવાઓ ઉપરાંત ધાર્મિકક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે પણ તેઓએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. મુંબઇ સરકારે તેમની રાષ્ટ્ર સેવાની કદર કરી જે. પી.નો ઇલકાબ આપ્યો હતો.

તેઓ આ સભાના પેટ્રન હતા. તેઓ માયાળુ અને મિલનસાર સ્વભાવના હતા પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી અમો પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું અંક ૧ | કારતક | વીર સં. ૨૪૯૦ વિક્રમ સં. ૨૦૨૧


## નૂતનવર્ષ શુભાશિષ

(શ્રી જૈન ધરમ પ્રકાશની જ્યોત જ પ્રગટાવો)

શ્રી પરમેષ્ઠી પંચ પ્રણમીને સમરીએ શ્રુતદેવી,
જૈનધર્મના પાલકોને સહાય આપે તતખેવી.

ધર્મ ઉત્તમ અહીંસાનો પુરવ પુણ્યે મળીયો,
રખડતાં ચૌદરાજલોકમાં સુરતરુ મુજ ફળીયો.

મનથી ઘડી ન મુકો નવકારમંત્ર છે મોટો,
પ્રભુ પસાયે એક મળ્યો તે જગમાં નાવે જોટો.

કાયા માયા મમતા છોડી ધર્મ મારગમાં ઝુકો,
સમતા રાખી આઠમ પાખી તપ કદી ન ચુકો.

નીયમ નોકારશી નિત્યે કરીએ ધરીએ પ્રભુનું ધ્યાન,
જ્યોતી ધર્મની ઝગમગ રાખો અમૃતરસનું પાન.

તતક્ષણ કરવું ધર્મનું કાર્ય અવસર ન મળે આવો,
જન્મ મળ્યો મનુષ્યભવ તે ફોગટ નવ ગુમાવો.

પ્રમાદ આવે પુન્ય કામમાં ભવમાં ભ્રમણ કરાવે,
ગતી ચારમાં ફેરા ફરતાં કદી ય પાર ન આવે.

ટાઈમ ગાળશો ધર્મ મારગમાં ભાસ્કર કહે હું ભાખું,
વોરશો સુખ સંપદ એકવીશે નૂતનવર્ષ આ આખું.

—ભાસ્કરવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૨૧ ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" એંશી વર્ષ પુરા કરી એકયાશીમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં મુનિશ્રી ભાસ્કરવિજય, મુનિશ્રી મનમોહનવિજય, શ્રી અગરચંદજી નાહટા, ભોજક મોહનલાલ ગીરધર, શ્રી સુરેશકુમાર કે શાહ, સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, શ્રી ચીમનલાલ રતનચંદ વગેરેનો તેમના પદ્ય લેખો માટે અને સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ એમ. બી. બી. એસ., પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ., શ્રી અગરચંદ નાહટા, પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ. એ., ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ વગેરેનો તેમના ગદ્ય લેખો માટે આભાર માનવામાં આવે છે.

વિ. સં. ૨૦૨૦ ભારત માટે બહુ જ કમનસીબ વર્ષ હતું. શરૂઆતમાં તેના પરમમિત્ર અમેરિકાના પ્રમુખ કેનેડીનું ખૂન થયું હતું કે જેણે ભારતને લશ્કરી રીતે અને આર્થિક રીતે સહાય કરી હતી. ત્યાર પછી ભારતના લાડીલા નેતા અને પંત પ્રધાન પંડીત જવાહરલાલજીનું અવસાન થયું હતું કે જેણે ભારતને સમૃદ્ધિશાળી બનાવવામાં અથાગ પ્રયત્ન કર્યો હતો. થોડા મહિના પછી ભારતના પરમસ્નેહી રશિયાના પંત પ્રધાન ક્રુશ્ચેવને રાજીનામું આપવાની ફરજ પડી કે જેણે યુનોમાં કાશ્મીર ભારતનું છે એમ સાબિત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો અને તે સંબંધી કોઈ પણ ઠરાવ પસાર કરવા દીધો ન હતો. વળી ચીન કે જેણે ભારત સાથે અત્યાર સુધી શત્રુતા રાખેલ છે તેણે વર્ષના અંતે "એટમ બોંબ ફોડ્યો છે તેથી ભારત પર તેના તરફથી વધારે ભય રાખવાની ફરજ પડેલ છે તેથી લશ્કરી ખર્ચ પણ પ્રમાણમાં હજુ વધશે તેમ લાગે છે.

ગયા વર્ષમાં ભારત સરકારને ખાંડનું રેશનીંગ કરવાની ફરજ પડેલ હતી વળી ઘઉં ચોખા અને શીંગતેલના ભાવોમાં ન કલ્પી શકાય તેવો વધારો થયેલ હતો. વળી શીંગતેલની અછતને લીધે ગુજરાત સરકારને તેલની નાકાબંધી કરવાની ફરજ પડેલ હતી. આ ચીજોના ભાવો પ્રમાણમાં રહે તેમ કરવાની જરૂર છે.

ગત વર્ષમાં બિહાર સરકારે શિખરજીના પવિત્ર પહાડના લીધેલ કબજા સામે ભારતના દરેક શહેરમાં વિરોધ જાહેર કરવા સભાઓ મળી હતી અને શિખરજીના પહાડનો કબજો ન લેવા માટે અસંખ્ય તારો ભારત સરકાર પર અને બિહાર સરકાર પર તે સભાઓએ કર્યા હતાં.

ગત વર્ષમાં ભાવનગરમાં નૂતન ઉપાશ્રયના ભવ્ય મકાનનું ઉદ્ઘાટન થયેલ છે તેથી શહેરની વિશાળ જૈન વસ્તીને ધર્માનુષ્ઠાનો આદિ ક્રિયાઓ કરતી વખતે પડતી અગવડતામાંથી રાહત મળેલ છે; વળી દાદાસાહેબમાં બૈરાંઓનો ઉપાશ્રય બંધાવવાનું શરૂ થયેલ છે તે આ વર્ષના પર્યુષણ પહેલાં બંધાઈ રહેશે તેથી ત્યાં પણ બૈરાંઓને ધર્માનુષ્ઠાનો આદિ ક્રિયાઓ કરવામાં રાહત મળશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગત વર્ષે સ્વામિવાત્સલ્યનો નવો પ્રશંસનીય વિકલ્પ ભાવનગર સંઘે કરેલ છે. તેણે રૂા. ૧૨૦૦૦) ભેગા કરી એવો ઠરાવ કરેલ હતો કે જે કુટુંબને જરૂર હોય તેને તે કુટુંબના રેશન કાર્ડ મુજબ વ્યક્તિ દીઠ રૂા. ત્રણ રોકડાં આપવા. તેથી જે કુટુંબને જે રૂા. મળ્યા તે ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે રાહતરૂપ નીવડ્યા છે.

ગત વર્ષમાં પર્યુષણ પછી એક માસ સુધી ભાવનગરમાં રોજ રાત્રિના ૯–૧૫ થી ૧૦–૧૫ સમવસરણનાં વંડામાં પૂજ્ય પન્યાસજી ચંદ્રોદયવિજયજીએ અભ્યાસવર્ગ ચલાવ્યો હતો. તેમાં શરૂઆતમાં ગણધરવાદનું પ્રવચન કરવામાં આવ્યું હતું અને ત્યાર પછી નવપદો પર પ્રવચન કરવામાં આવેલ હતું. પૂજ્ય પન્યાસજી તેમની તેજસ્વી અને રોચક ભાષામાં આ વર્ગ ચલાવી રહ્યા હતા તેથી લગભગ ૧૦૦ માણસો હાજર રહેતા હતા. આવા વર્ગો દરેક શહેરમાં રાત્રિના ચાલે અને પૂજ્ય મુનિમહારાજો જૈનધર્મનાં તત્ત્વોનો પરિચય આપે તે ઇચ્છવા યોગ્ય છે.

જગતમાં બુદ્ધિને સતેજ બનાવવાના પ્રયત્નો થઇ રહેલ છે; પરિણામે વિજ્ઞાનની સેંકડો શોધખોળો થઇ રહેલ છે અને તેની અસર એ થઇ છે કે કૃત્રિમ જરૂરીયાતો ઉભી થઇ છે અને પાસે પૈસા હોય કે ન હોય તો પણ દરેક જણ તે જરૂરીયાતોને સંતોષવા ફાંફા મારે છે અને જ્યારે તે જરૂરીયાતોને સંતોષી શકતો નથી ત્યારે દુ:ખી થાય છે.

**માનવી બે આત્યંતિકતાઓ ભણી દોડી રહ્યો છે; એક છે આશાવાદની કે જેમાં બધું ગુલાબી અને સારૂં લાગે છે અને બીજી છે નિરાશાવાદની કે જેમાં બધું જ તેને પોતાની વિરૂદ્ધ હોય તેમ લાગે છે. મોટા ભાગના માનવીઓના ભેજાં અવિકસિત હોય છે તેથી તેઓ વિલક્ષણ ધૂનવાળા હોય છે અથવા તો તેઓ એક જ વાતને વળગી રહેનારા "પાગલ" જેવા હોય છે. બહુ જ ઓછા લોકો જાણે છે કે સુખની સાથે દુ:ખ અને દુ:ખની સાથે સુખ જોડાયેલ હોય છે. અને જેમ દુ:ખ કંટાળાજનક છે તેમ સુખ પણ કંટાળાજનક છે કેમકે સુખ એ દુ:ખનો જોડિયો ભાઇ છે. માટે દરેક મનુષ્યે દુ:ખ અને સુખ પ્રત્યે સમદ્રષ્ટિ રાખવાની જરૂર છે.**

આ નૂતનવર્ષ સર્વે લાઇફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહક બંધુઓને સુખરૂપ નીવડો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

દીપચંદ જીવણલાલ
ઓ. સેક્રેટરી

## સભાસદોને સૂચના

બહારગામના લાઇફ મેમ્બરોમાંથી કેટલાએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ જલ્દીથી મંગાવી લેવા તસ્દી લેશો.

**—જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૨

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૨ જું

### ગર્ભસંક્રમણ

મહાવીરસ્વામીના જીવે મરીચિના ભવમાં જે અભિમાન કર્યું હતું કે મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું વાસુદેવ અને છેલ્લો તીર્થંકર થઈશ, અહાહા! મારું કુળ કેવું ઉત્તમ છે!! હવે કુળ તો કર્માધીન છે, પણ આવું અભિમાન–ગૌરવ બતાવ્યું તે માટે તેમણે નીચ ગોત્ર બાંધ્યું ગોત્રકર્મના બે ભેદ છેઃ નીચ ગોત્ર અને ઉચ્ચ ગોત્ર. સારા કુળમાં જન્મ થવો તેને ઉચ્ચ ગોત્ર કહેવામાં આવે છે અને હલકા કુળમાં જન્મ થવો તેને નીચ ગોત્ર કહેવામાં આવે છે.

મહાવીર વર્દ્ધમાનને સમકિત થયા પછી કેટલાએ ભવો તુચ્છ દારિદ્ર કુળમાં થયા તે આપણે જોઈ ગયા. પણ એ નીચ ગોત્રકર્મ હજુ પૂરેપૂરું ભોગવાઈ રહ્યું નહોતું, તેનો કોઈક ભાગ બાકી રહી ગયો હતો, તેથી બાશી દિવસ સુધી બ્રાહ્મણીની કૂખે તેઓ રહ્યા.

બ્રાહ્મણનું કુળ દારિદ્ર કુળ ગણાયું અને अरिहंता वा चक्कवट्टी वा वासुदेवा वा अंत कुलेसु तुच्छ कुलेसु दारिद्र कुलेसु न उव वज्जंति ते राय कुलेसु भोग कुलेसु इक्खाकु कुलेसु उव वज्जंति એટલે તીર્થંકર, ચક્રવર્તી કે વાસુદેવ તુચ્છ કુળમાં. દરિદ્ર કુળમાં જન્મતા નથી, પણ રાજ કુળમાં ક્ષત્રિય કુળમાં, ઈક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણેનો નિયમ ઘણા કાળનો ચાલ્યો આવે છે. બ્રાહ્મણો, જેઓ પોતાની જાતને બ્રહ્માનાં મુખમાંથી નીકળેલા અને પોતાની જાતને સર્વ શ્રેષ્ઠ માનતા હતા, તેના પર આ સખત ફટકો છે. બ્રાહ્મણનું કુળ તે તુચ્છ કુળ છે, હલકુ કુળ છે, ભિખારી–માગણવર્ગનું કુળ છે એમ કહેવામાં બ્રાહ્મણ-વર્ગ ઉપર મોટો આક્ષેપ છે અને તે કહી બતાવવું તે તે યુગના જૈનો તેમજ બૌદ્ધોનું મુખ્ય કર્તવ્ય હતું. બ્રાહ્મણની મોટાઈ ઉપર આક્ષેપ કરવો અને ક્ષત્રિયને આગળ પાડવા એ તે યુગને સમજવાની ચાવીરૂપ છે. બ્રાહ્મણોએ પણ પોતાની મોટાઈનો સારી રીતે દુરૂપયોગ કર્યો હતો અને મોટા મોટા વિદ્વાનોના દીકરા તદ્દન અભણ, નિરક્ષર અને ચારિત્રહીન નીવડી કોમને આદર્શભૂત નીવડવાની પોતાની ફરજ ભૂલી ગયા હતા અને પોતાના ભરણપોષણની ફરજ સમાજને શીર ઓઢાડવા છતાં પોતાનું દાષ્ટાન્તિક અનુકરણીય ચારિત્રનો ગુણ ખોઈ બેઠા હતા. અત્યારે જેમ તરવાડીઓ, જેઓ અસલ ત્રણ વેદના પાઠી હતા તે તદ્દન અભણ અને રખડુ થઈ ગયા છે અને લગ્ન વખતે भवतुतु भवस्तु બોલે છે અને પૂરાં क्षेमं कल्याणं के समोर्तं शुम लग्नं જેટલા વાક્યને વૈયાકરણીય અનેક ભૂલો કરે છે, તેમ તે યુગમાં પણ સામાન્ય બ્રાહ્મણો વગર શ્રમે ભરણપોષણ કરનારા અને સમાજોપજીવી બની ગયા હતા. આ બ્રાહ્મણોની મુખ્યતા તોડવાનો પ્રયાસ બૌદ્ધો અને જૈનોએ કર્યો. આ બન્ને શ્રમણ સંસ્કૃતિએ બ્રાહ્મણની મોટાઈ તોડવાને અંગે જે અનેક પ્રયાસ તેનાં સૂત્ર સિદ્ધાંતમાં બ્રાહ્મણના કુળને તુચ્છ કુળ, દારિદ્ર કુળ, ભિખારીનું કુળ કહ્યું, એ એ એમની બ્રાહ્મણો સામે ઉઠાવેલા બળવાનો એક વિભાગ હતો. એ સર્વ ઐતિહાસિક વિષય છે અને એ યુગના સમાજને બરાબર સમજવાનો એક ભાગ છે. બ્રાહ્મણની મહત્તા તોડવી, બ્રાહ્મણને હલકા અને ભિખારી બતાવવા તે એ યુગની જૈન અને બૌદ્ધોની ફરજ મનાતી અને એ દ્રષ્ટિએ તે યુગને સમજવા યોગ્ય છે. બ્રાહ્મણે પોતાને પ્રાપ્ત થયેલ સત્તાનો પૂરતો દુરૂપયોગ કરી નાખ્યો હતો તે વાત ઐતિહાસિક છે અને તે અર્થમાં જૈન અને બૌદ્ધના પ્રયાસો તે યુગને સમજવા માટે ખાસ મદદગાર થઇ પડે છે.



For Private And Personal Use Only

ખાસ નોંધવા લાયક બીના એ છે કે મહાવીર અને બુદ્ધ બન્ને ક્ષત્રિય હતા અને બ્રાહ્મણ કરતાં ક્ષત્રિયને આગળ પાડવાને અંગે અનેક પ્રકારના પ્રયાસ કરી રહ્યા હતા. આ તે યુગને સમજવાની ચાવી છે અને તદ્યુગની પ્રવૃત્તિ સમજવાને અંગે ઉપયોગી બાબત છે. તમે તે યુગનાં ચરિત્રો વાંચશો તો બ્રાહ્મણ કરતાં ક્ષત્રિયની હકીકત વધારે વાંચશો અને તે યુગની આવી ઘટના આ દ્રષ્ટિએ સમજવા લાયક છે.

આ બનાવ ઈ. સ. પૂર્વે ૬૦૦ વર્ષે બન્યો. અને તે દિવસ આસો વદ ૧૩ નો હતો.

આ તિથીને રોજ કયો વાર હતો અને કયું નક્ષત્ર હતું તે નોંધાયલું હોવાથી કેટલાક જૈનો છ કલ્યાણકવાદી અથવા ષટ્કલ્યાણકવાદી થયા છે અને તેઓ ભગવાનના ગર્ભ સંક્રમણને પણ એક પાંચ ઉપરાંતનું છઠ્ઠું કલ્યાણક ગણે છે. આવો તુચ્છ બનાવ કલ્યાણક કહેવાય તે એક જાતની વિચિત્રતા છે. એ તો આશ્ચર્યભૂત બનાવ છે. અનેક ચોવીશી ગયા પછી બનતો અસ્વાભાવિક બનાવ છે, છતાં તે તારિખ અને તે નક્ષત્ર નોંધાયલા હોવાથી તેને કલ્યાણક ગણવાની ગેરસમજુતી અવારનવાર થાય છે તે ગૂંચવણમાં પડવા જેવું નથી. એને એક બનાવ તરીકે ગણવો એ જ ઠીક વાત છે, પણ તે દિવસ દેવો અને નારકો ઊજવતાં નથી. આપણે એ બનાવ કેવી રીતે અને કોની પ્રેરણાથી કોણે કર્યો તેની વિગત પ્રથમ સમજી લઈએ અને આવા બનાવને કલ્યાણકમાં ન ગણી એક બનાવ તરીકે જ ગણીએ તેથી આ વિષય પર વધારે ચર્ચા ન કરતાં આપણે તે બનાવ કઈ રીતે બન્યો તેની વિગત જરા જોઈ જઈએ અને તે પદની સહજ વિશેષ ચર્ચા પ્રકરણના અંત ભાગમાં જરૂર જણાશે તેટલી કરશું. એ ગર્ભનિષ્ક્રમણના બનાવની વિગતો આપણે વિચારીએ અને મહાવીરનાં જીવનને અંગે જે થોડાક બનાવો બન્યા તે પૈકીનો આ એક બનાવ છે એ વિચારીએ.

તે વખતે શક્રઈંદ્રનો જીવ મહાસમકિત ધારી જૈનનો જીવ હતો. તેમણે સારી રીતે ધર્મારાધના પૂર્વ ભવમાં કરી હતી અને આ વખતે પણ કરતા હતા.

દેવાનંદા બ્રાહ્મણી ગર્ભનું પાલન કરતા હતા અને ખાવાપીવામાં નિયમિતતા જાળવતા હતા અને અતિ ખારૂં, તીખું કે ખાટું ખાતા નહોતા અને ઉશ્કેરાટ જાય તેવી વાત બહુ સાંભળતા કે કરતા નહોતા. જો કે શરૂઆતમાં ગર્ભાધાનમાં બહુ સંભાળ રાખવી પડતી નથી, પણ દેવાનંદા તો અનેક બાબતમાં ચોક્કસ હતી અને તેથી ગર્ભને પુષ્ટિ મળે જતી હતી.

આ પ્રમાણે ગર્ભપાલન થતું હતું અને ગર્ભની લાલના–પાલના થતી હતી તે વખતે એક આશ્ચર્યકારક બનાવ બન્યો. સ્વર્ગલોકમાં શક્રેંદ્ર અર્ધા ભારતનું સ્વામિત્વ પોતાનું હોય એમ ધારે છે અને તેની જાળવણી પોતાને સોંપાયલી હોય એમ ધારીને વર્તન કરે છે અને પૃથ્વી પર તો એવું વર્તન અનેક કરે છે: કૂતરા પોતપોતાની શેરીનો અધિકાર પોતાનો માને છે અને પોતાની શેરીમાં, બાજુની કે દૂરની શેરીના કૂતરાને આવતો જોઈ જાણે પોતાનો ગરાસ લૂંટાઈ જતો હોય તેમ માને છે. ગામનો રાજા આખા શહેર કે ગામ પર સત્તા ધારણ કરે છે અને પોતાનો અધિકાર બરાબર સ્થાપન કરે છે અને તે માટે પોલિસ અને લશ્કરની મદદ લે છે. આ બે ઉપરાંત ઇંદ્ર અર્ધ ભારત ઉપર પોતાનું રાજ્ય માને છે અને ત્યાંની વસતીની અગવડ સગવડ માટે પોતે જવાબદાર છે એવા પ્રકારનું આધિપત્ય ચલાવે છે. આમાંના કોઈનું આધિપત્ય કોઈએ સોંપેલું હોતું નથી, પણ પોત નો અધિકાર શેરી કે મહોલા પૂરતો તથા શહેર અથવા અર્ધ ભારત પૂરતો ધારી લે છે અને તે પ્રમાણે વર્તાવ કરે છે. આવી રીતે બાશી રાત વ્યતીત થઈ, ત્યાર પછી ઈ સ. છસેના આસો વદ ૧૩ ની રાત્રે એક અત્યંત આશ્ચર્યકારક બનાવ બન્યો અને તે કોઈક જ વાર બને તેવો બનાવ હોવાથી ખાસ નોંધ રાખવા લાયક છે.

ત્રાશીમી રાત્રિએ ઇંદ્ર મહારાજનું આસન કંપાયમાન થયું. તેણે પ્રથમ તો પ્રભુનું ચ્યવન જાણી પ્રથમ સાત આઠ ડગલાં આગળ વધીને શક્રસ્તવથી પ્રભુની સ્તુતિ કરી. તે આ પ્રમાણે:–

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવિધતામાં સુંદરતા

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

જગત જો એક જ આકૃતિઓનું બન્યું હોત અને તેમાં જુદા જુદા રંગોનું વિવિધ રીતે મિશ્રણ નહીં થયું હોત તો તેમાં સ્વાસ્થ્ય અને સુંદરતા ક્યાંથી હોત ? ચિત્રોમાં અનેક જાતના રંગો તેની અનેક જાતની સંગતીથી પુરવામાં આવે છે ત્યારે જ સુંદર આકૃતિ અને જાણે બોલતું ચિત્ર તૈયાર થાય છે. જો એમ કરવામાં ન આવે અને એક જ રંગનો ઉપયોગ કરવામાં આવે તો તેમાં આનંદ આવતો નથી. તેમ જ વાદ્યોમાં પણ જો જુદા જુદા સ્વરો એના આરોહ અવરોહો સાથે વગાડવામાં ન આવે તો તેમાં મનને આનંદ નથી આવતો.

કોઇ વક્તા મોટું વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપતો હોય પણ એમાં દૃષ્ટાંતો સાથે લોકભોગ્ય ઉલટાસુલટા પ્રમાણો આપી લોકમાનસને જીતી જતો ન હોય તો તેનું વકતૃત્વ નિરસ અને કંટાળો આપે એવું બની જાય છે. અને સભામાંથી લોકો ધીમે ધીમે ઉઠી જવા માંડે છે. એટલા માટે જ વક્તાએ પોતાનું ભાષણ શ્રોતાઓના મન સુધી પહોંચે છે કે નહીં તેનું ધ્યાન રાખી હળવાં દૃષ્ટાંતો યોજી લોકોને જીતી લેવા જોઇએ. અને તેમનું મન પોતાના ભાષણ તરફ ખેંચી રાખવું જોઇએ. એમ થતું નથી ત્યાં સુધી વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન પણ શ્રોતાઓના માથા ઉપરથી જ પસાર થઈ જાય છે. એટલા માટે જ એમાં વિવિધ જાતના શબ્દોના રંગો પૂરવા જોઇએ. એવી વિવિધતામાં જ સુંદરતા આવી શકે છે એ પુરતું ધ્યાનમાં રાખવું જોઇએ. અને ત્યારે જ ચિત્રકાર, સંગીતકાર કે વક્તા લોકપ્રિયતા મેળવી શકે છે.

ભોજનનું પણ એમજ હોય છે. ભોજનમાં જો એક જ રૂચીવાળા પદાર્થો પીરસવામાં આવે, ભલે તે સ્વાદિષ્ટ મિષ્ટાન્ન હોય પણ તેમાં જમનારને આનંદ આવતો નથી. તેમાં ખારૂ ખાટું તીખું તુરૂ વગેરે સ્વાદોના પદાર્થો હોય તો જ સમાધાનથી જમી શકાય એ વસ્તુ ધ્યાનમાં લેતા વિવિધતામાં કેવી સુંદરતા સમાએલી હોય છે એનો અનુભવ મળે છે.

જગતમાં અનેક જાતના વ્યવસાયો ચાલે છે. એક કારીગરની આવડત બીજાને હોતી નથી. તો પણ બધી જાતના કારીગરો વગર જગત ચાલે જ

---

"હે નાથ ! અંદરના (આંતર) શત્રુઓનો નાશ કરનાર, ધર્મની આદિ કરનાર, પોતાની જાતે જ બોધ પામનાર, પુરૂષોત્તમ, પ્રસિદ્ધ ધર્મતીર્થના પ્રવર્તાવનાર એવા હે જિન ભગવન ! આપને નમસ્કાર છે. વળી હે નિષ્કામી ! સર્વ પ્રકારની સમૃદ્ધિ આપનાર નિરૂપદ્રવ, અચલ, અનંત સુખ સંપાદિત કરનાર, બાધારહિત તથા સંસારરૂપ ભયંકર અટવીમાં પડેલ પ્રાણીઓને સાર્થવાહ સમાન ! એવા હે દેવ ! તમે જયવંતા વર્તો. હે પરમેશ્વર તમે ત્યાં ગર્ભગત છતાં અસ્ખલિત જ્ઞાનલોચનથી નોકરતુલ્ય અને અહીં રહીને પણ નમસ્કાર કરતાં એવા મને આપ જોઇ શકો છો."

આ પ્રમાણે સ્તુતિ કરી પૂર્વાભિમુખ સિંહાસને બેસતાં દેવેંદ્ર શક્રેંદ્રને આવા પ્રકારનો સંકલ્પ થયો- અહો તિર્થંકર ભગવંત કદાપિ તુચ્છ કુળ, દરિદ્ર કુળ, કૃપણ કુળ કે ભિક્ષુકના કુળ વિષે ઉત્પન્ન થયા નથી, થતા નથી અને થશે નહિ; પણ આખા ભુવનમાં શ્લાઘનીય એવા ઉગ્ર ભોગી, રાજ કુળ, ક્ષત્રિય કુળ, ઇક્ષ્વાકુ કુળ, હરિવંશ કુળ, જેવા કુળમાં ઉત્પન્ન થાય છે, છતાં કોઈ કર્મવશે હીનકુળમાં અવતર્યા (ચ્યવ્યા) હોય, તો પણ જન્મ પામ્યા પહેલાં ઇંદ્ર તેને ઉત્તમ કુલમાં સંક્રમાવે છે, કારણ કે તેમની આજ્ઞાને શિરસાવંદ્ય કરનાર શક્રેંદ્રનો એ આચાર છે. માટે મારી પણ એ ફરજ છે કે ચરમતીર્થપતિને બ્રાહ્મણ કુળમાંથી સંક્રમાવી ક્ષત્રિય કુળમાં સંક્રમાવું. આ વિચારને પરિણામે તેમણે હિરણગમેષી નામના પોતાના હાથ નીચેના દેવને પોતાની પાસે બોલાવ્યો અને તેને ફરમાવ્યું કેઃ-

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમ ! એવી રીતે જગત અનંત જાતની વિવિધતાથી ભરેલું છે તેથી જ તે શોભે છે. અને દરેકને તેમાં પોતપોતાની શક્તિ અને જ્ઞાનને અનુસરી તેમાં સાથ આપવાને અવસર મળે છે. તે માટે કોઇપણ પરિસ્થિતિમાં આપણા મનની સમતુલા બગડવી જોઇએ નહીં. આપણે તે માટે તિતિક્ષા એટલે સહન શક્તિ કેળવી તેને કાર્યક્ષમ રાખવી જોઇએ.

એતો આપણે સાધુસંતોના મોઢે સાંભળી અને અનુભવ ઉપરથી સારી પેઠે જાણીએ છીએ કે, આપણા આ જન્મ પહેલા પણ આપણે અનેકવાર જન્મ્યા હતા. અને મૃત્યુ પામ્યા હતા. અને આપણી એ પરંપરા હજુ ઘણા કાળ સુધી ચાલવાની છે આત્માની ક્રિયા તો ક્ષણવાર પણ અટકતી નથી આપણે રાતમાં કે દિવસમાં ઉંઘમાં કે જાગતા કર્મ તો કરીએ જ છીએ. ત્યારે આપણા એ સારા કે માઠા કર્મો આપણા આત્માની સાથે ચોંટી ગએલા હોય છે. એટલું જ નહીં પણ એ એકરૂપ થઇ ગએલા હોય છે.

એવા બધા કર્મોનો સમૂહ આપણે સાથે રાખીને જ આ આપણો સાંપ્રત જન્મ આપણે લીધેલો છે. ત્યારે પૂર્વના અનંત જન્મોમાં કરેલા શુભ કે અશુભ કર્મો આપણી સાથે છે જ. અને જેમ જેમ એ કર્મોની સ્થિતિ પાકે છે તેમ તેમ તેનો ભોગવટો આપણે કરવો પડે છે. કોઇ વખત સુખ અને આનંદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે કોઇ વખત દુઃખ અને સંકટનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. અર્થાત્ એ આપણે પોતે ઉત્પન્ન કરેલા કર્મના ફળ રૂપે જ સામે આવી ઉભા રહે છે. સૃષ્ટિનો એ અટળ નિયમ છે કે, દરેક વસ્તુ કે ઘટના ચક્રરૂપે ફરી જ્યાંથી એ નિકળી હોય તે જ જગા પાછી ફરે છે. આપણે કોઇને ગાળ દઇએ ત્યારે તે શબ્દ પુદ્ગલો ચક્રાકાર ફરી આપણી પાસે આવી આપણા ઉપર હુમલો કરે છે. એ ઉપરથી એ ફલિત થાય છે કે, આપણા ઉપર જે દુઃખનો અને સંકટનો હુમલો થાય છે એ તો આપણે તૈયાર કરેલું જ કર્મફલ છે. એના જવાબદાર આપણે પોતે જ છીએ. ત્યારે એના માટે હાયવોય કરી રોદણા રોવાનો અર્થ શું ? દિવસ પછી રાત આવે છે ત્યારે આપણે એ અંધારૂં સહન કરી લઇએ છીએ. એટલું જ નહીં પણ એ અંધારાનો સારો ઉપયોગ કરી ઉંઘ અને વિશ્રાંતિ મેળવીએ છીએ કુશલ કારીગર અને વિજ્ઞાનવાદી અત્યંત ઘૃણાસ્પદ અને નિરૂપયોગી જણાતી વસ્તુઓ પાસેથી પણ ઉપયોગી વસ્તુઓ પેદા કરે છે. અને અસુંદર વસ્તુને સુંદર બનાવી શકે છે. આપણે પણ આપણા ઉપર આવતા દુઃખના હુમલાના પ્રસંગે શાંતિ રાખી દુઃખને સહન કરી તેની તીવ્રતા બુઠી કરી શકીએ તેમ છીએ પણ તે માટે મનનું સમતોલપણું કાયમ રાખવું પડશે. ઉતાવળથી ગભરાઈ જવાનું એમાં કામ નથી. દુઃખ માટે કોઈ પારકા આત્મા ઉપર રોષ કરવાથી કામ નહીં ચાલે.

જેમ અંધારામાં જ દીવાનો પ્રકાશ શોભે છે તેમ દુઃખના અંતે સુખનો આલ્હાદ આવે છે. ખુબ ભૂખ લાગે ત્યારે જ ગમે તેવુ સામાન્ય ભોજન આનંદ આપે છે. અને પચન પણ થાય છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, જેમ માણસને સુખ ગમે છે તેમ દુઃખ પણ સુસહ્ય થવું જોઇએ.

જગતમાં બધા જ સજ્જન અને નીતિમાન હોત તો નીતિનિયમો ઘડવાની જરૂર જ શું હોત ? જ્યારે જગતમાં અનીતિમાન અને અધર્મી લોકો વસે છે ત્યારે જ નીતિના નિયમો જ્ઞાનીઓ ઘડે છે ધર્મનું પણ એમ જ છે. માણસ અધર્મ આચરી દુર્ગતિના ખાડામાં લપસી પડતો હોય છે અને એનો એ સ્વભાવ બની જાય છે ત્યારે જ ધર્મની જરૂર ઉત્પન્ન થાય છે. પડતાને બચાવવો ડૂબતાને તારવો, અનીતિમાનને નીતિમાન બનાવવો. વિચિત્રને સુચિત્ર બનાવવો, અણઘડને સુઘડ બનાવવો, માનવને સાચો માનવ બનાવી તેમાં દેવત્વ લાવવું એ ધર્મનો હેતુ છે. અને એ જ ધર્મનું કાર્ય છે. વારે ઘડી બનતી જતી વિસંગતિને સુસંગત બનાવવું એ જ ધર્મનો ઉદ્દેશ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંકર ભગવંતો, ગણધરો અને યુગપ્રવર્તક આચાર્યોનું એ જ કાર્ય છે. ચોતરફ જામેલો કચરો સાફ કરી સુવ્યવસ્થા પાછી સ્થિર કરવી એજ એમના જીવનનું મુખ્ય કાર્ય હોય છે. ધર્મના નામે અણ-આવડતને લીધે અને કર્મના ક્ષયોપશમના અભાવે જ્ઞાની ગણાતા અને જનતામાં માન્યતા મેળવતા કેટલાએક આત્માઓ જે ભયંકર ભૂલો કરી બેઠેલા હોય છે અને લોકોને ખોટુ માર્ગદર્શન કરતા હોય છે તેમને ઠેકાણે લાવી જગતમાં ફરી શુદ્ધ પ્રરૂપણા કરવાનું જ કાર્ય એઓ કરતા હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને તપાસી નવી રચના કરવાનો તેમને અધિકાર હોય છે.

આ જગત ત્રિગુણાત્મક છે. દરેક માણસમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો હોય છે. કોઇમાં સત્વગુણની પ્રધાનતા હોય છે ત્યારે બીજામાં રજો-ગુણ વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. ત્યારે ત્રીજા કોઈમાં તમોગુણની માત્રા વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. કોઈ સંતમાં સત્વગુણ ભરપૂર હોવાથી કોઇ તેને ગાળ આપે કે દુઃખ આપે તો પણ તેઓ ક્ષોભ પામતા નથી. તેમનું મન વિચલિત થતું નથી. ત્યારે કોઇને ભોગોપભોગનું ચેટક વળગેલું હોય છે. એમને ભાવતું ભોજન ન મળે તો તેઓનું મન દુઃખી થઈ જાય છે. એમને જોઇતું બહુમાન ન મળે તો એમનું ચિત્ત ચલવિચલ થઈ જાય છે. એમના બોલવામાં કે લખાણમાં કોઈ દોષ બતાવે તો એમનો આત્મા કકળી ઊઠે છે. શું કરૂં ને શું ન કરૂં એવું એમને થઈ જાય છે. તેમ તમોગુણની પ્રધાનતા ધરાવનાર માણસને જરા જરા જેવી સાચી કે ખોટી વસ્તુથી ક્રોધ આવે છે. એવા માણસે ક્રોધ એ અંગ-ભૂત સ્થાયીભાવ બની બેસે છે. હાથમાં અગ્નિ ઝાલી શકાય પણ એ માણસને સ્થિર અને શાંત કરવો મુશ્કેલ બની જાય છે. પોતે સર્વજ્ઞ છે એવું એ માની બેઠેલો હોય છે. એનો કોઈ દોષ બતાવે ત્યારે એ પોતાને પણ સ્થિર કરી શકતો નથી. એવી રીતે આ જગત ત્રણ વિવિધ ગુણોથી ભરેલું છે અને તેથી જ એમાં સુંદરતા જોવામાં આવે છે.

આમ છતાં સત્વગુણીમાં કોઇ દિવસે અનાયાસે રજોગુણ કે તમોગુણ ચળકી જાય છે. અને પ્રસંગ-વશાત્ એ પણ રજોગુણ અને તમોગુણનો ભોગ બની બેસે છે. તમોગુણીમાં સત્વગુણનો અંશ હોતો નથી એમ પણ નથી. એક બહારવટીઓ લુટારૂ ઘણાને લૂંટતો, રંજાડતો પણ ગરીબ નિરાધાર લોકોને લૂંટેલું ધન વહેંચી દેતો. એટલે એનામાં પણ દાન કરવાનો સાત્વિક ગુણ કોઇ વખત તરી આવે છે. એ ઉપરથી ફલિત થાય છે કે, જગત એ ત્રણે ગુણોથી ભરેલું છે. એમાં વિવિધતા છે અને તેને લીધે સુંદરતા આવી ગઈ છે.

સત્વગુણી માણસ ઉપર એવી જવાબદારી આવી પડે છે કે, તેમણે પોતાના ગુણો રજોગુણી અને તમોગુણીવાળા પોતાના ભાઇઓને આપતા રહેવું. અને એવી રીતે અન્યને સત્વગુણથી પ્રભાવિત કરવું. એમાં તો સત્વગુણી માણસના ગુણને પોષણ મળે અને તેમનું જીવન સમૃદ્ધ બને.

તીર્થંકર ભગવંતો અને અન્ય મહાપુરૂષો એવું કાર્ય અખંડ રીતે કરતા રહ્યા છે. અને તેને લીધે તેમની સંસારયાત્રા ટુંકી બની છે. સત્વગુણોનો પુરો પ્રકર્ષ થાય અને બીજા ગુણોનો સર્વથા જ્યારે અભાવ થાય છે ત્યારે તે પુરૂષ ગુણાતીત થતાં વાર લાગતી નથી. એવી ગુણાતીત સ્થિતિ એટલે જ મુક્તિ. બધા મહા-પુરૂષોએ એ વિવિધતામાંથી જ સુંદરતા અંતિમ ધ્યેય સાધ્ય કરેલું છે.

આવી ત્રિગુણયુક્ત વિવિધ પરિસ્થિતિમાં આપણું કર્તવ્ય શું હોઈ શકે અને આપણે પણ મહાપુરૂષોની પેઠે શું કરવું જોઇએ એનો વિચાર કરવો ઉચિત છે જેનું જ્ઞાન આપણને થયું હોય તેનો ઉપયોગ આત્મનિરીક્ષણમાં આપણે નહીં કરીએ તો આપણી સ્થિતિ એક કાને સાંભળી બીજે કાને ભૂલી જવા જેવી થાય. કોઈ પણ જ્ઞાન વાંચીએ અને તેનું અનુ-સરણ જરા જેવું પણ ન કરીએ ત્યારે આપણું એ વાંચન નકામુ તો થાય જ સાથે સાથે આપણો વખત ખોવા જેવું પણ થાય એ સ્પષ્ટ છે. આપણું તો એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુજસવેલિ અને "ઐતિહાસિક વસ્રપટ" (લેખાંક ૧)

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

[ ૧ ]

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ આત્મવૃત્તાંત લખ્યો નથી. વળી એમના જીવનકાળમાં કે અત્યાર સુધી પણ કોઇએ એમનું જીવન ચરિત્ર સંસ્કૃતમાં પરિપૂર્ણસ્વરૂપે પદ્યમાં રચ્યાનું જાણવામાં નથી. આથી એ ન્યાયાચાર્યે પોતાની કૃતિઓમાં જે કંઈ પોતાને વિષે કહ્યું હોય તે ઉપરથી તેમ જ એમના સમકાલીન મુનિવરો કે એમના શિષ્યપરિવાર-માંથી કોઇએ એમને વિષે જે લખ્યું હોય તે ઉપરથી એમના જીવન વિષે માહિતી મેળવવાની રહે છે. આવી પરિસ્થિતિમાં સુજસવેલિ જેવું સાધન મહત્ત્વનું ગણાય એ સ્વાભાવિક છે. આ સાધન સાથે બંધબેસતું ન થઇ શકે એવું એક સાધન થોડા વખત ઉપર મળી આવ્યું છે અને તે છે "ઐતિહાસિક વસ્રપટ". આ બે સાધનોની સંક્ષિપ્ત મીમાંસારૂપે હું આ લેખ લખું છું.

[ ૨ ]

## સુજસવેલિનો પરિચય

સુજસવેલિ-કર્તાએ ચાર ઢાલમાં વિભક્ત કરેલી આ કૃતિમાં એનું "સુજસવેલિ" એ નામ પહેલી અને ત્રીજી ઢાલના અંતમાં આપ્યું છે, જ્યારે "સુજસવેલિ" નામ ચોથી ઢાલની આઠમી કડીમાં આપ્યું છે, એમ એના પ્રથમ પ્રકાશન ઉપરથી જોઇ શકાય છે. બીજા પ્રકાશનમાં આ ત્રણ સ્થળે "સુજસવેલિ" નામ છે બંને પ્રકાશનમાં બીજી ઢાલની ઉપાંત્ય પંક્તિમાં "સુજસની વેલિ" એમ છપાયું છે, આ જોતાં "સુજસવેલિ" નામ સમુચિત જણાય છે. શાંતિસાગરજીના ભંડારની હાથપોથીની પુષ્પિકા બંને પ્રકાશનમાં નીચે મુજબ અપાઈ છેઃ-

"इति श्री मन्महोपाध्याय श्री यशोविजय-गणिपरिचये 'सुजसवेलि'-नामा भासः संपूर्णः"

આ ઉપરથી પણ 'સુજસવેલિ' નામ વાસ્તવિક હોવાનું ફલિત થાય છે. વિશેષમાં હાથપોથીમાં 'ભાસ' શબ્દ પુષ્પિકામાં છે. એ આધારે આ કૃતિનો 'ભાસ' તરીકે બંને પ્રકાશનમાં ઉલ્લેખ કરાયો હશે એમ લાગે છે; બાકી 'ભાસ' તરીકે ઓળખાવાતી વિવિધ કૃતિઓ વિચારીને ભાસનું લક્ષણ[1] નક્કી

૧ આ ભાસનું લક્ષણ કોઈ સ્થળે અપાયું હોય એમ જાણવામાં નથી.

( વિવિધતામાં સુંદરતા પેજ ૮ થી શરૂ )

કર્તવ્ય છે કે આપણે જે સમજ્યા હોઇએ તેનો લાભ આપણા ભાઈ ભાંડુઓને પણ આપવો. એ આપણું કર્તવ્ય છે. કાણા ઘડામાં પાણી ન ટકે એમાં વાંક કોનો ?

આપણામાં ક્યા ગુણની મુખ્યતા છે એનું નિરીક્ષણ તટસ્થ બુદ્ધિથી કરવું જોઇએ. અને આપણામાં તમોગુણની અગર રજોગુણની મુખ્યતા હોય અને આપણે જરા જરા વાતમાં ગુસ્સે થતા હોઇએ અને આપણા મનની સમતુલા ગુમાવી બેસતા હોઇએ તેમ જ આપણામાં અહંકારની ભાવના ઘર કરી બેઠેલી હોય ત્યારે આપણે વખતસર સજાગ થઈ એવા ગુણો આપણામાંથી ઓછા થાય એ માટે પ્રયત્નશીલ થઈ જવું જોઇએ. એ માટે ઘણો વખત સામાયિકમાં સ્થિર રહેવું, સંસ્કારી જ્ઞાનીજનોના પુસ્તકોનું વાંચન કરવું, ધર્માનુષ્ઠાન તરફ મન વાળવું અને સજ્જન સાધુ હૃદય એવા પુરૂષો જોડે મૈત્રીભાવે જોડી સંત સમાગમ ચાલુ રાખવો એ આપણું કર્તવ્ય છે. એમ કરવાથી ખોટા ગુણોનો આપણામાંથી નિરાસ થતો રહેશે. આપણામાં જો સત્વગુણની પ્રધાનતા હોય તો તેનો લાભ બીજાઓને છુટથી આપતા રહેવું જેમાં આપણું પોતાનું કલ્યાણ જ છે. બધાઓને એ સુબુદ્ધિ પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવું ઘટે અને એ લક્ષણથી આ કૃતિ લક્ષિત હોય તો જ 'ભાસ' સંજ્ઞા યથાર્થ ઠરે.

**પરિમાણ**—સુજસવેલિ એ પદ્યાત્મક રચના છે. એમાં જે ચાર ઢાલ છે તેની કડીની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે.—

૧૯ ૧૧, ૧૩ અને ૯.

આમ આ કૃતિમાં એકંદર બાવન કડી છે.

**દેશી**—ચારે ઢાલ નિમ્નલિખિત ભિન્ન ભિન્ન દેશીમાં યોજાઇ છે.

(૧) ઝાંઝરીઆની દેશી : ઝાંઝરિયા મુનિવર! ધન ધન તુમ અવતાર.

(૨) થાંરા મોહલાં ઉપરિ મેહ ઝબુકે વીજળી હો લાલ ઝબુકે વીજળી.

(૩) ખંભાઇતી-ચાલો સાહેલી વીંદ વિલોકવા જી

(૪) આજ અમારે આંગણિયે

**હાથપોથીઓ**—સુજસવેલિની [૧]ત્રણ હાથ-પોથીઓ અત્યાર સુધીમાં મળી આવી છે:—

(૧) પાટણના એક ભંડારની એક પત્રની હાથ-પોથી. પ્રસ્તુત કૃતિની ત્રીજી ઢાલની ચોથી કડીથી એમાં લખાણ છે વિવેચન સહિત એ ખંડિત કૃતિ ઐતિહાસિક સાહિત્ય-" મહોપાધ્યાય શ્રીમદ્ યશો-વિજયજી" નામના લેખરૂપે "આત્માનંદ પ્રકાશ" પુ. ૧૩, અં. ૬માં વીર સંવત્ ૨૪૪૨માં છપાવાયો છે. એ લેખના કર્તા જિનવિજયજી છે કે જેમને એ હાથપોથી એ જ વર્ષમાં (વિ. સં. ૧૯૭૨)માં મળી હતી. એ લેખ તેમ જ એના ઉપરથી મળતી હકીકત **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૨, પૃ. ૨૦-૨૭ તેમ જ પૃ. ૧૮૧-૧૮૨)માં અપાયાં છે.

(૨) અમદાવાદના [૨]વીરવિજયજીના ઉપાશ્રયમાંના ભંડારની હાથપોથી. એ ચાર પત્રની પ્રતિ છે[૩] અને એમાં નવ નવ પંક્તિ છે. આ સંપૂર્ણ કૃતિનો સાર **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (પૃ. ૬૧૬-૬૨૫)માં છપાવાયો છે.

(૩) શાંતિસાગરજીના ભંડારની હાથપોથી. આનો પરિચય પ્રથમ પ્રકાશનમાં અપાયો નથી એટલું જ નહિ પણ આ તેમ જ ઉપર્યુક્ત બંને હાથપોથીઓ ક્યારે લખાઇ તે વિષે અનુમાન કરી કશો ઉલ્લેખ કરાયો નથી. બીજું પ્રકાશન શાંતિ-સાગરજીના ભંડારની હાથપોથી ઉપરથી કરાયું છે પણ તેમાં યે આ હાથપોથીનો પરિચય અપાયો નથી.

**બે પ્રકાશનો**—"સુજશવેલી ભાસ" એ નામથી પ્રસ્તુત કૃતિ અમદાવાદના જ્યોતિ કાર્યાલય તરફથી વિ. સં ૧૯૯૦માં પ્રસિદ્ધ કરાઇ છે. એનું પાઠાંતર પૂર્વક સંપાદન સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઇએ કર્યું છે. એમણે પ્રસ્તુત કૃતિનો સાર, પ્રસ્તાવના અને [૪]ટિપ્પણો લખ્યાં છે. પૂંઠા ઉપર અને મુખપૃષ્ઠ ઉપર તેમ જ કૃતિના મથાળે અનુક્રમે નીચે મુજબ નામો છપાયાં છે:—

સુજશવેલી ભાસ શ્રી સુજશવેલી ભાસ અને સુજસ-વેલી ભાસ.

આમ નામોમાં એકવાક્યતા નથી.

"સુજસવેલી ભાસ-સાર્થ અને અન્ય ત્રણ રૂપરેખાઓ" એ નામથી એક પુસ્તિકા "શ્રી યશો-

૧. આ ત્રણેનો પરિચય "સુજસવેલી ભાસ" નામના પ્રથમ પ્રકાશનની પ્રસ્તાવના (પૃ. ૬-૭)ને આધારે મેં આપ્યો છે.

૨. પંડિત સુખલાલ સંઘવીનું જે લિખિત ભાષણ "જૈન" (સાપ્તાહિક)ના તા. ૨૧-૭-'૫૬ના અંકમાં છપાયું છે તેમાં ડેલાનો ઉપાશ્રયનો ઉલ્લેખ છે. શું એ વ્યાજબી છે?

૩. પ્રથમ પ્રકાશન (પૃ. ૬૦)માં છ પત્રનો ઉલ્લેખ છે. આમ એક જ લેખકના બે ભિન્ન ભિન્ન ઉલ્લેખ છે તો વસ્તુ સ્થિતિ શું છે?

૪ અહીં (પૃ. ૩૯માં) "કન્હોડું" એ "કલોલ પાસે નાનું ગામ છે" એવો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય સારસ્વત સત્ર સમિતિ-ડભોઈ" તરફથી વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરાઈ છે. આમાં ભાસનો અર્થ મુનિશ્રી યશોવિજયજીએ લખ્યો છે આ પ્રકાશનમાં મૂળ કૃતિનો સાર અને ટિપ્પણો અપાયાં છે. આ પુસ્તિકામાં જે "અન્ય ત્રણ રૂપરેખાઓ" અપાઈ છે તે ક્રમસર નીચે મુજબ છે: –

(૧) જૈન તર્ક ભાષાની પં સુખલાલની હિંદી પ્રસ્તાવના (વિ. સં. ૧૯૯૪).

(૨) ગૂર્જર સાહિત્ય સંગ્રહ(ભા. ૧)માં છપાએલ મુનિશ્રી (હવે પં.) ચન્દ્રંકરવિજયજીના "ગ્રંથકારનો પરિચય" માંનો કેટલોક ભાગ વિ સં. ૧૯૯૨).

(૩) સ્વ મોહનલાલ દ. દેશાઈ કૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (કંડિકા ૯૨૭-૯૩૪) વિ. સં. ૧૯૮૯)

**પ્રયોજન**-કર્તાને પાટણના સંઘે અતિશય આગ્રહ કર્યો કે આપ ઉપાધ્યાયજીનું જીવનચરિત્ર લખો. એ ઉપરથી પ્રસ્તુત કૃતિ યોજાઈ છે એમ ચોથી ઢાલની આઠમી કડી જોતાં જણાય છે.

**કર્તા**-ચારે ઢાલના અંતમાં કર્તાએ પોતાનું નામ સંપૂર્ણ ન દર્શાવતાં 'કાંતિ' એવું સંક્ષિપ્ત નામ રજૂ કર્યું છે આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે પ્રસ્તુત કૃતિ રચનાર ગૃહસ્થ છે કે શ્રમણ? કૃતિ રચવા માટે સંઘે આગ્રહ કર્યાની વાત વિચારતાં એઓ શ્રમણ હોવા જોઇએ. જો તેમ જ હોય તો એઓ કોના શિષ્ય છે અને એઓ ક્યારે થઇ ગયા એ બાબત જાણવી બાકી રહે છે. કર્તાએ આ બાબત મૌન સેવ્યું છે એટલે આજથી સોએક વર્ષ પૂર્વે 'કાંતિ' નામ ધારણ કરનારા કયા કયા મુનિવર થઈ ગયા તે વિચારવાનું પ્રાપ્ત થાય છે. આ સંબંધમાં પ્રથમ પ્રકાશનની પ્રસ્તાવના (પૃ. ૭-૮)માં 'કાંતિવિજય' નામના બે મુનિઓનો ઉલ્લેખ કરાયો છે.

(૧) તપા' ગચ્છના **હીર**વિજયસૂરિના શિષ્ય **કીર્તિ**વિજયગણિના શિષ્ય **કાંતિ**વિજય કે જેમણે **સંવેગરસાયનબાળની** રચી છે અને જેમને માટે વિનયવિજયગણિએ **હૈમલઘુપ્રક્રિયા** [1]રચી છે.

(૨) **વિજયપ્રભસૂરિના શિષ્ય પ્રેમવિજયના શિષ્ય કાંતિવિજય કે જેમણે વિ. સં. ૧૭૬૯થી ૧૭૯૯ના** ગાળામાં [2]કેટલીક કૃતિઓ રચી છે.

૧ જુઓ **હૈમલઘુપ્રક્રિયાની** પાટણના ભંડારની વિ. સં. ૧૭૧૨ની હાથપોથીની પ્રશસ્તિ.

૨ આ માટે જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૨, પૃ. ૫૨૬-૫૩૩)

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા                લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્વાલિયર

—મુનિ વિશાળવિજયજી

પ્રાચીન સાહિત્ય અને શિલાલેખોમાં ગ્વાલિયરનું સ્થાન ઉલ્લેખનીય છે. જૈન ગ્રંથો અને શિલાલેખોમાં તેને ગોપગિરિ, ગોવગિરિ, ગોયાચલ, ગોપાલાચલ, ઉદયપુર આદિ નામોથી ઉલ્લેખવામાં આવ્યું છે.

આ નગરનું નામ ગ્લાલિયરનગર કેમ પડયું એ વિષે એક દંતકથા સંભળાય છે કે ગ્વાલિય નામના મહાત્માએ શૂરસેન રાજાનું કષ્ટ નિવારણ કર્યું તેથી રાજાએ કૃતજ્ઞતા દર્શાવવા તેમના નામે ગ્વાલિયરનો કિલ્લો બંધાવ્યો.

ઇતિહાસજ્ઞોની માન્યતા મુજબ અહીંનો કિલ્લો ત્રીજી શતાબ્દિમાં બંધાયો હશે. ભારતના પ્રાચીન કિલ્લાઓમાં ગ્વાલિયરના કિલ્લાની ગણના કરવામાં આવે છે. ગ્વાલિયરના કિલ્લામાં આવેલું સૂર્ય મંદિર શિલ્પકળાની દૃષ્ટિએ મહત્ત્વનું છે. હુણ જાતિના મિહિરકુલે આ મંદિર બંધાવેલું એમ મંદિરમાં લાગેલા શિલાલેખથી જણાય છે. આ લેખ ઈ. સ. ૫૧૫નો માનવામાં આવે છે.

એ પછી નવમી શતાબ્દિમાં કનોજના રાજા નાગાવલોક જેને જૈનો આમ નામે ઓળખે છે તેનો અધિકાર ગ્વાલિયર સુધી હતો. આમ રાજા એક વણિક કન્યાને પરણ્યો હતો, જેના સંતાન કોષ્ટાગોરિક કોઠારી નામે ઓળખાયાં અને છેવટે એ ઓશવાળમાં ભળી ગયાં.

આ આમ રાજાના ગુરુ પ્રસિદ્ધ જૈનાચાર્ય બપ્પભટ્ટિસૂરિ હતા. તેણે આ સૂરિના ઉપદેશથી જેમ કનોજમાં ૧૦૧ હાથ ઉંચાઇવાળું જિનચૈત્ય બનાવરાવીને તેમાં ૧૮ ભાર સુવર્ણની પ્રતિમાની બપ્પભટ્ટસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી તેમ ગ્વાલિયરમાં ૨૩ હાથ ઉંચુ શ્રી મહાવીર ભગવાનનું જિનમંદિર કરાવી તેમાં લેપ્યમય જિન પ્રતિમાની સ્થાપના કરાવી હતી. કહે છે કે આ ચૈત્યના એક મંડપમાં એક કરોડ સુવર્ણ ટંકાનો ખર્ચ થયો હતો.

શ્રી બપ્પભટ્ટસૂરિના ઉપદેશથી આ આમ રાજાએ જૈન ધર્મનાં મહત્ત્વના કાર્યો કર્યાની હકીકત જૈન પ્રબંધોમાં ઉલ્લેખી છે.

આમ રાજાનો જન્મ વિ. સં. ૮૦૭માં અને મૃત્યુ સં. ૮૯૫માં થયું હતું. પ્રબંધકોષના ઉલ્લેખ પ્રમાણે આમ રાજાએ ગોપગિરિમાં બંધાવેલા જૈન મંદિરમાં જ્યારે નમસ્કાર કર્યા ત્યારે શ્રી બપ્પભટ્ટસૂરિએ शान्तो वेषः समसुखकला થી શરૂ થતા ૧૧ પદ્યોનું સ્તોત્ર બનાવ્યું હતું.

એ પછી આમ રાજાના પૌત્ર રાજા ભોજદેવના સમયમાં ત્રણ શિલાલેખો ગ્વાલિયરના કિલ્લામાંથી મળી આવ્યા છે. જેમાંનો એક સંવત વિનાનો છે. જ્યારે બીજો વિ. સં. ૯૩૨ અને ત્રીજો વિ. સં. ૯૩૩નો છે.

શ્રી પદ્યુમનસૂરિએ અગિયારમી શતાબ્દિમાં ગ્વાલિયરના રાજાને પોતાની વાદશક્તિથી રંજિત કર્યો હતો. વળી મહાબોધપુરમાં બૌદ્ધાચાર્યોને જીતીને પાછા વળતાં શ્રીવીરાચાર્યે ગ્વાલિયરમાં અનેક પરવાદીઓને જીત્યા હતા જેથી ખુશ થઇને ત્યાંના રાજાએ છત્ર–ચામર આદિ રાજચિન્હો શ્રી વીરાચાર્યની સાથે મોકલ્યાં હતાં. એમના જ સમકાલીન મલધારી શ્રી અભયદેવસૂરિ અહીં આવ્યા ત્યારે નાગાવલોકે(આમરાજે) કિલ્લા ઉપર શ્રી વીર ભગવાનનું જે મંદિર બધાવ્યું હતું તે કોઇ કારણસર બંધ પડયું હતું અને ભારે અવ્યવસ્થા હતી. આથી આ આચાર્યે ખૂબ પ્રયત્ન કરી ભુવનપાલ રાજા દ્વારા એ મંદિર ખુલ્લું મુકાવી પૂજા વગેરેની વ્યવસ્થા કરાવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરમી શતાબ્દિમાં રચાયેલા સકલ તીર્થ સ્તોત્રમાં ગ્વાલિયરની ગણના તીર્થોમાં કરવામાં આવી છે. મુનિ કલ્યાણસાગરે રચેલી પાર્શ્વતીર્થ નામમાલામાં ગ્વાલિયરના પાર્શ્વનાથ મંદિરનો તીર્થ મહિમા નોંધ્યો છે.

પંદરમી શતાબ્દિમાં રચાયેલી વિજ્ઞપ્તિ-ત્રિવેણીમાં ગોપાચલપુર( ગ્વાલિયર )માં ધીરરાજે બંધાવેલા શ્રી શાંતિનાથ મંદિરનો ઉલ્લેખ કરેલો મળે છે.

વળી ગ્વાલિયરના તંવરવંશી રાજા વીરમના દરબારમાં રહેવાવાળા જૈનાચાર્ય શ્રી નયચંદ્ર-સૂરિએ વિ. સં. ૧૪૬૦ની આસપાસ હમ્મીર-મહાકાવ્ય નામનો ગ્રંથ રચ્યો હતો. જેમાં ચૌહાણોનો ઈતિહાસ આપેલો છે.

એ પછી લગભગ પંદરમી-સોળમી શતાબ્દિમાં દિગંબરોએ આ સ્થળને પોતાના પ્રભાવમાં લીધું અને કિલ્લા ઉપર મોટી વિશાળકાય:જિનપ્રતિમાઓ કોરાવી, જેનો ઉલ્લેખ પં. શીલવિજયજી પણ આ પ્રકારે કરે છે:—

બાવન ગજ પ્રતિમા દીપતી,
ગઢ ગુઆલેરિ શોભતી.

શ્રી સૌભાગ્યવિજયજી પણ ઉલ્લેખે છે કે-

ગઢ ગ્વાલેર બાવન ગજ પ્રતિમા,
વંદું ઋષભ રંગરોલીજી.

આ દિગંબર પ્રતિમાઓ ઉપરના શિલાલેખો પંદરમી–સોળમી શતાબ્દિના છે.

આજે ગ્વાલિયર અને લશ્કર બે વિભાગમાં વહેંચાયેલું છે. લશ્કરમાં ૩૦૦ અને ગ્વાલિયરમાં ૧૫૦ જૈન શ્રાવકોની વસ્તી છે. લશ્કરમાં ૩ ઉપાશ્રય અને ૩ જૈન મંદિરો છે. જ્યારે ગ્વાલિ-યરમાં ૨ મંદિરો છે.

મંદિરોનો પરિચય આ પ્રકારે છે:—

(૧) લશ્કરના શરાફ બજારના ઓસવાલ મહોલ્લામાં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનનું ઘૂમટબંધી મંદિર છે. આ મંદિરમાં ચિત્રકામ અને મીનાકારી કામ સારું કરેલું છે. શ્રીસંઘે સં. ૧૮૭૫માં બંધાવેલું છે.

(૨) એ જ મહોલ્લામાં શ્રી પાર્શ્વનાથ ભગ-વાનનું ઘૂમટબંધી મંદિર સં. ૧૯૯૮ માં શેઠ સૂરજમલ વાડીવાલે બંધાવેલું છે.

(૩) કટીવાટી દાદાવાડીમાં શ્રી શાંતિનાથ ભગવાનનું ઘૂમટબંધી મંદિર શ્રીસંઘે બંધાવેલું છે.

(૪) ગ્વાલિયરના છોટા બજારમાં યતિજીના ઉપાશ્રયમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનું ધાબાબંધી મંદિર છે. મૂળનાયકની મૂર્તિ ઉપર સં. ૧૫૩૬નો લેખ છે.

(૫) ગ્વાલિયરમાં શીતલા ગલીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઘૂમટબંધી મંદિર શ્રીસંઘે બંધાવેલું છે. આમાં બધી મૂર્તિઓ ધાતુની છે.

ફરગ્યુસન નોંધે છે કે—આ મંદિરો શોધ-વાનાં રહે છે. ગ્વાલિયરથી સીપરી( શીવપુરી ) અહીંઆ ગ્વાલિયર સરકારનું હવા ખાવાનું સ્થાન છે. અહીંઆ એક કુવો છે. તે કુવાનું પાણી એટલું સુંદર છે કે એ પાણી બહારગામ જાય છે. ગ્વાલિયર સરકાર પોતાની કમિટી સહિત ઉનાળામાં બે ત્રણ માસ અહીંયા રહે છે. અહીંયા શ્રીમાન વિજયધર્મસૂરિ મહારાજનો સ્વર્ગવાસ થયો છે. જ્યાં એમનો સ્વર્ગવાસ થયો છે ત્યાં ગ્વાલિયર સરકારે બે વીઘા જમીન આપી છે. અહીંઆ શ્રીમાન વિજયધર્મસૂરિ મહારાજનું સમાધિ મંદિર બન્યું છે. લગભગ એક લાખ રૂપિયા લાગ્યા છે. સ્ટેશનથી એક ફર્લાંગ દૂર છે. સમાધિ મંદિરથી ગામ બે ફર્લાંગ દૂર છે. ગામના લોકો ભાવિક છે. ગામમાં ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય ભવ્ય અને સુંદર છે, મૂર્તિ મનોહર છે. મંદિરમાર્ગી તથા સ્થાનકવાશી બન્ને થઈને છત્રીસ લગભગ ઘર છે, બન્ને સંપીને રહે છે. સમાધિ મંદિરના કંપાઉન્ડમાં વિશ્વતત્ત્વ પ્રકાશક મંડળ છે. પહેલાં સંસ્કૃત, અંગ્રેજી, હિંદી જ્ઞાન અપાતું હતું. હવે સાંભળવા પ્રમાણે અંગ્રેજી જ્ઞાન મુખ્ય રીતે અપાય છે. આ સ્થળ યાત્રા કરવા લાયક છે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## લાઇફ મેમ્બર

૧. શાહ મનસુખલાલ હરગોવનદાસ ભાવનગર

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઇ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૨૧ ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમ જ શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે જે આસો માસના અંક સાથે રવાના કરેલ હતા. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## અમારી યોજના

સં. ૨૦૨૧ ની સાલ માટે નિત્ય સ્મરણીય સ્તોત્રાદિ સંગ્રહ નામે પુસ્તક જેમાં નવસ્મરણો અને પ્રાચીન ભાવવાહી સ્તુતિ, સ્તવન અને સજ્ઝાય વગેરેનો સમાવેશ થશે તે પુસ્તક સભાના સભાસદોને ભેટ આપવાની અમારી યોજના છે.

## ભેટ

રૂા. ૫૧) વેજબાઈ કાનજી લધા કચ્છ વારાપધરવાળા ( હાલ મુલુંડ મુંબઇ ) તરફથી શ્રી જૈનધર્મ પ્રકાશને ભેટ મળ્યા છે. સાભાર.


**હમણાં બહાર પડી છે**

# પં. શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા

તથા

# પં. રૂપવિજયજીકૃત શ્રી પંચજ્ઞાનની પૂજા

આ બન્ને પૂજા અર્થ સાથે છપાવેલ છે. અર્થમાં ઘણો વધારો કર્યો છે કે જે ખાસ ઉપયોગી છે તેની ખાત્રી વાંચવાથી થઇ શકે તેમ છે.

અમારી છપાવેલી અનેક અર્થ સહિત પૂજાઓમાં આ બુકથી વધારો થયો છે. કિંમત ૫૦ નયા પૈસા રાખી છે. પચાસના પ્રમાણમાં તે કિંમત ઓછી લાગે તેમ છે. દરેક પૂજામાં રહસ્ય શું છે તે યથાશક્તિ સમજાવેલ છે.

**કિંમત ૫૦ નયા પૈસા (પોસ્ટેજ ૧૫)**

લખો : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only